# ડિસલેક્સિયા છે, પ્રતિભાની ખોટ નથી

## અમદાવાદના વિદ્યાર્થી બ્રહ્મજ્યોત સિંહે હાઈડ્રોજન ફ્યુલની શોધ કરી

અમદાવાદ, શનિવાર

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈન, જાણીતા ફિલ્મ કલાકાર ટોમ ક્રુઝ, વિખ્યાત બાસ્કેટબોલ ખેલાડી મેજિક જોન્સન અને અબજોપતિ બિલ ગેટ્સ ડિસએબિલિટી 'ડિસલેક્સિયા' ધરાવતા હતા.

**• આલ્બર્ટ આઈન્સ્ટાઈન, ટોમ ક્રૂઝ, મેજિક જોન્સન અને બિલ ગેટ્સ પણ ડિસ્લેક્સિયા ધરાવતા હતા**

**• વિશ્વમાં શાળાએ જતાં કુલ બાળકોમાં ૧૫ ટકાને લર્નિંગ ડિસએબિલિટી છે. ભારતમાં આવાં બાળકોની સંખ્યા અંદાજે ૩૦ લાખની આસપાસ**

તેમનો આઈક્યુ ખૂબ ઊંચો હોવા છતાં તેમને ભણવામાં ખૂબ તકલીફ પડતી હતી. અંતે જીવનના એક તબક્કે તેમણે આખી દુનિયાને આશ્ચર્યમાં મૂકી દે એવી સિદ્ધિઓ મેળવી હતી. અમદાવાદના ૧૭ વર્ષીય વિદ્યાર્થી બ્રહ્મજ્યોત સિંહ કલસીને પણ આ કેટેગરીમાં મૂકી શકાય. બ્રહ્મજ્યોતે નાની વયે જ ઈકોનોમિક હાઈડ્રોજન ફ્યુલની વૈકલ્પિક વ્યવસ્થા શોધવાના પ્રયોગમાં પ્રારંભિક સફળતા મેળવી છે. વિશ્વભરના વૈજ્ઞાનિકો આ વિષય પર સંશોધન કરી રહ્યા છે પરંતુ બ્રહ્મજ્યોત સિંહ બધા કરતા વધુ 'એડવાન્સ' સાબિત થયો છે. બધું જ આવડતું હોવા છતાં તે માંડ માંડ પાસ થઈ શકતો હતો. ડીપીએસ-પ્રેરમામાં દાખલ કરવામાં આવ્યો જ્યાં તેને ઘરેડરૂપ અભ્યાસક્રમની જગ્યાએ અલગ રીતે શિક્ષણ આપવામાં આવ્યું જેની મદદથી બ્રહ્મજ્યોત સિંહ જુનિયર વૈજ્ઞાનિકની કક્ષાએ પહોંચી ગયો છે.

ડીપીએસ - પ્રેરણાના પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર નતન કાસલીવાલ પોતાના વિદ્યાર્થી વિશે વાત કરતાં કહે છે કે, 'બ્રહ્મજ્યોત જેવા વિદ્યાર્થીઓ અત્યંત પ્રતિભાવન હોવા છતાં ડિસલેક્સિયાના કારણે તેમના પર ઠોઠ નિશાળિયાનું લેબલ લાગી જાય છે. આવા ઘણા વિદ્યાર્થીઓ માનસિક તનાવના કારણે દબાઈ જાય છે.

વિખ્યાત મનોચિકિત્સક ડો. હંસેલ ભચેચના જણાવ્યા મુજબ જે બાળકનું મગજ વાંચવા કે લખવા માટે ડાબા હિસ્સાના બદલે મગજના જમણા હિસ્સાનો ઉપયોગ કરે તે ડિસલેક્સિયા ધરાવે છે - ભારતમાં આવા બાળકોની સંખ્યા ૩૦ લાખ જેટલી છે. અભ્યાસમાં નબળું હોય તો તેને ઠોઠ ન માની બેસતા કદાચ તે ચો આઈક્યુ પણ ધરાવતો હોઈ શકે. તેથી તેના ભવિષ્ય માટે નિષ્ણાત મનોચિકિત્સકની સલાહ લેવી વધુ હિતાવહ રહેશે.